नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **22**

# S-73-Gujarati (T.L.) (D&D)

No. of Printed Pages – **7**

## माध्यमिक (मूक-बधिर) (CWSN) परीक्षा, 2024

## SECONDARY (Deaf & Dumb) (CWSN) EXAMINATION, 2024

# ગુજરાતી

# (GUJARATI)

**(THIRD LANGUAGE)**

समय : 4 घण्टे 15 मिनट

पूर्णांक : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આન્તરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

## વિભાગ – અ (A)

1. નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો :

(1) વાગડક્ષેત્ર ગિરિપુરમાં રહીને કોણે ભક્તિમાર્ગ ચલાવ્યો હતો ? **1**

(A) મીરાંબાઈએ (B) ગવરીબાઈએ
(C) ગંગાસતીએ (D) કંકુબાઈએ

(2) કવિ અખાના મતે જ્ઞાન મેળવવા માટે શું કરવું જોઈએ ? **1**

(A) ભક્તિ (B) જ્ઞાની ગુરૂ
(C) દાન (D) ઉપવાસ

(3) નરસૈયા માટે ભગવાન કોનું રૂપ ધારણ કરે છે ? **1**

(A) મહાદેવનું (B) પ્રેમાનંદનું
(C) દામોદર દોશીનું (D) કામોદર દોશીનું

(4) 'ફૂલની સાથે રમત' કવિતામાં ફૂલની સાથે કોણ રમવા ઇચ્છે છે ? **1**

(A) કવિ (B) માણસ
(C) લોકો (D) બાળકો

(5) 'હવે કોઈને' કવિતામાં 'સહવાસ'નો અર્થ શું થાય ? **1**

(A) અલગ રહેવું તે (B) ગમે તેમ
(C) જુદા રહેવું (D) સાથે રહેવું

(6) બાળક માટે દૂધનો કટોરો લાવવાનો આદેશ કોણે કર્યો ? **1**

(A) લોકોએ (B) બિરબલે
(C) દરબારીઓએ (D) બાદશાહે

(7) વિશળદેવ કયા રાજ્યનો રાજા હતો ? **1**

(A) અમરાવતીનો (B) વાગડ રાજ્યનો
(C) પાટણનો (D) મેવાડનો

(8) 'બાપુજી' પાઠમાં લેખકના પિતા કયા રોગથી પીડાતા હતા ? 1

(A) તાવથી (B) પ્લેગની ગાંઠથી
(C) કોરોનાથી (D) મલેરિયાથી

(9) ડૉ. કિરણબેદી કઈ રમતના ખેલાડી હતા ? 1

(A) ટેનિસ (B) ક્રિકેટ
(C) ખો-ખો (D) હૉકી

(10) રેતીમાં રહેલા ભેજને કયા નામે ઓળખવામાં આવે છે ? 1

(A) નીતર્યું પાણી (B) ગરમ પાણી
(C) પાલર પાણી (D) નરમ પાણી

(11) 'અગ્નિ' શબ્દનો સમાનાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ? 1

(A) અનુચર (B) આગ
(C) રાગ (D) બાગ

(12) 'સજ્જન' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ? 1

(A) કુર્જન (B) મુર્જન
(C) દુર્જન (D) વર્જન

(13) 'તોખાર'નો સમાનાર્થી શબ્દ કયો છે ? 1

(A) પંખી (B) પંકજ
(C) તરસ (D) ઘોડો

(14) ઉદ્‌ગાર વાક્યમાં નીચેનામાંથી કયું ચિન્હ મૂકવામાં આવે છે ? 1

(A) ; (B) " ,,
(C) ! (D) ?

(15) 'અણસમજણ'નો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ? 1

(A) સમજણ (B) સ્મરણ
(C) મલિન (D) સરલ

2. નીચેના પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો :

(1) સ્ટેશન ખાલી, ________ ટ્રેન. **1**

(2) ઊભો ઊભો જ ઝોકે ________. **1**

(3) મારા બંગલાની સામે એક ________ આવીને ઊભી રહી. **1**

(4) વરસાદના દિવસોમાં માટીની ________ કેફ ચડતો. **1**

(5) ખુલ્લી રાખેલી ________ માખી સ્પર્શિત પાણીપુરી ઝાપટો યુવાનો ! **1**

(6) ________ ની વિશેષતા દર્શાવતા શબ્દોને વિશેષણ કહે છે. **1**

(7) 'કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી હતી'. વાક્યમાં વિશેષણ ________ છે. **1**

3. નીચેના અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈપણ તાકત તેને અટકાવી શકે નહિ. ત્રીજુ કર્તવ્ય સેવાભાવનું છે. સેવા જ્ઞાન નથી. મહાભારતના યક્ષપર્વમાં "વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે." તે પ્રકારની કથા આવે છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાનું તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ.

**પ્રશ્નો :**

(1) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે ? **1**

(2) વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય કયું છે ? **1**

(3) મહાભારતના યક્ષપર્વમાં કઈ કથા આવે છે ? **1**

(4) દુનિયાની બાબતોનું અવલોકન કેવી રીતે કરવું જોઈએ ? **1**

(5) યોગ્ય શીર્ષક આપો. **1**

નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

માટીખાણે મા સાથે માટી લેવા ગયો છું. માટીનું તગારું માથે ચડાવી કોસ-બે કોસ ચાલ્યો છું. એ માટીમાં છાણ-પાણી ભેળવી બનાવેલી ગાર ખૂંદી છે. માની સાથે એ ગારમાં ઓકળીઓ પાડી છે. રિસાઈ જતો ત્યારે આળોટ્યો છું માટીમાં. એ એના ઉપર માટી ચડાવીને થેપી છે. એ માટીના ઘર બનાવ્યાં છે. માટીથી ઘર શણગાર્યા છે. માટીના રમકડા બનાવ્યા છે. માટીના મહાદેવ, માટીના નાગદેવતા, ચકલી, કબૂતર, મોર, પોપટ, ગાલ્લી બધું જ માટીનું બનાવ્યું છે. માટીમાં ખાના પાડી ઘણી રમતો માટીમાં રમ્યો છું. માટીમાં જ ગિલ્લી-દંડા અને હુતુતુ ખેલ્યા છે. માટીમાં જ હાર્યો છું અને માટીમાં જ જીત્યો છું માટીએ લાડ લડાવ્યા છે.

**પ્રશ્નો :**

(6) લેખક મા સાથે માટી લેવા કયાં જતા હતા ? **1**

(7) લેખક કેવી ગાર ખૂંદતા હતા ? **1**

(8) લેખક રિસાઈ જતા ત્યારે શું કરતા ? **1**

(9) લેખકે માટીમાંથી શું-શું બનાવ્યું ? **1**

(10) લેખક માટીમાં કઈ-કઈ રમત ખેલ્યા છે ? **1**

## વિભાગ – બ (B)

નીચે આપેલા પ્રશ્નોના **બેથી ત્રણ** વાક્યમાં ઉત્તર લખો :

4. દરિયો દરરોજ સૂર્યને કેવી સજા કરે છે ? **2**

5. ટ્રેન ક્યારે ચાલી નીકળે છે અને કઈ પ્રણાલીનું પાલન કરે છે ? **2**

6. અખો કેવા લોકોને મૂરખ ગણાવે છે ? **2**

7. ઈન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં શું દેખાયું ? **2**

8. રીક્ષામાં કોણ બેઠેલું હતું ? તેને કોની પાસે જવાનું હતું ? **2**

9. લેખક કેવી પાણીપુરી ઝાપટવાની સલાહ આપે છે ? **2**

10. 'વેલી ઑફ ફ્લાવર્સ' સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ? **2**

11. ચેરીનાં વૃક્ષો કાપવાની જરૂર શા માટે ઊભી થઈ ? **2**

12. નીચેના શબ્દોની જોડણી સુધારો : **2**

(1) અતિથી ½

(2) સહાનુભુતિ ½

(3) સારંગપાણી ½

(4) સુરજ ½

13. નીચે આપેલી સંધિનો વિગ્રહ કરો : **2**

(1) વિદ્યાધિકારી ½

(2) હિમાલય ½

(3) રામાયણ ½

(4) શ્વેતાંબર ½

14. નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ લખો : **2**

(1) આંખની કીકી હોવું ½

(2) આકાશ પાતાળ એક કરવા ½

(3) કડવો ઘૂંટડો ગળી જવો ½

(4) જીભ ન ઊપડવી ½

15. નીચે આપેલા સમાસનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો : **2**

(1) નવરાત્રિ ½

(2) કેસર છાંટે ½

(3) માતાપિતા ½

(4) દયાપાત્ર ½

## વિભાગ – ક (C)

નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો :

16. જેસલમેરમાં આવેલા વિપ્રસર તળાવની વિશેષતાઓ જણાવો. **3**

**અથવા**

તાંબાપતરા પરના લખાણમાં શું જણાવેલું હતું ?

17. બાપુજીના અંતિમ શબ્દો કયા હતા ? **3**

**અથવા**

લેખિકા સેક્રેટરીની રીતભાત જોઈને કઈ પ્રતિજ્ઞા લે છે ?

18. ગવરીબાઈએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ? **3**

**અથવા**

નરસૈયાના ઘરે પધારેલા ભગવાનની સુંદરતાનું વર્ણન કરો.

19. ફૂલોની વિશેષતા રજૂ કરતા કવિ શું કહે છે ? **3**

**અથવા**

'અણસમજણ'થી ઊભી થયેલી અનુભૂતિનું વર્ણન કરો.

## વિભાગ – ડ (D)

નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો :

20. વૃક્ષો બચાવવા માટે શું-શું કરી શકાય તે માટેના તમારા વિચારો લખો. **3**

**અથવા**

પરીક્ષા આપવા જતી વખતે તમારા મનમાં કેવા વિચારો આવે છે તેનું વર્ણન કરો.

21. તમારી શાળામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન'નો અહેવાલ લખો. **4**

**અથવા**

તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ લખો.

22. નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો : **5**

(1) મા તે મા

(2) સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય

(3) મારો પ્રિય તહેવાર

(4) યાદગાર પ્રવાસ

---

DO NOT WRITE ANYTHING HERE